
પ્રકાશન નબર. ૨૦૮

# "મા"

# તારી જન્નત કે જહન્નમ ?

-: સંપાદક :-

મુફતી ગુલામ મુહંમદ "ફલાહી"



-: પ્રકાશક :-

પ્રકાશન અને પ્રસારણ વિભાગ

દારૂલ ઉલૂમ મદ્રસા અરબિય્યહ તાલીમુલ મુસ્લિમીન,

લુણાવાડા - ૩૮૯૨૩૦, જિ. પંચમહાલ - ગુજરાત.

ફોન : (૦૨૬૭૪) ૨૫૦૦૪૦, ૨૫૦૦૨૮

# પ્રસ્તાવના

આપણી શરીઅતમાં અલ્લાહ તઆલા ના હકકો પછી મા-બાપના હકકો અને તેમાં પણ 'મા' ના હકકોને વિશેષ રૂપે અગ્રિમતા આપવામાં આવી છે. પરંતુ આજે મા-બાપ સાથે સદ્‌વર્તન, ખિદમત અને ભલાઈ જેવી મહત્ત્વની બાબતો અને વિશેષરૂપે 'મા' ના હકો પ્રત્યે ધીમે-ધીમે ગફલત અને કોતાહી જોવા મળે છે.

યાદ રાખવું જોઈએ કે, દુનિયામાં 'મા' નો કોઈ વિકલ્પ નથી, 'મા' ની મમતા અસીમ, અમાપ અને અપાર હોય છે. 'મા' ની મમતા માપવાનું કોઈ સાધન શોધાયું નથી અને શોધાવાનું પણ નથી. 'મા' ની સેવા કરવાના ફાયદા અને ના ફરમાની કરવાના નુકશાનો ઉમ્મતના સામે આવે તે આશયથી ઉસ્તાઝે મોહતરમ હઝરત મવલાના મુફતી ગુલામ મુહંમદ 'ફલાહી' સાહબ(દા.બ.)એ આ નાનકડી પુસ્તિકાને તરતીબ આપી છે. એક-એક વાકય જો ચિંતન, મનન કરીને વાંચીશું તો દિલ પર જરૂર અસર કરશે. પુસ્તિકા નાની છે પરંતુ હજારો ફૂલોમાંથી કાઢેલ રસ સમાન છે, જેનું એક-એક વાકય અને એક-એક પંકિત બોધદાયક, લાભકારક અને અસરકારક

છે અને છેલ્લે વર્ણન કરેલો કિસ્સો પણ ઘણો ઈબ્રતનાક છે. હઝરત મુફ્તી સાહબ (દા.બ.) એ આવી અતિ ઉપયોગી પુસ્તિકા તૈયાર કરીને ગુર્જર મુસ્લિમ સમાજ પર દીની, ઈસ્લાહી અને અખ્લાકી રીતે ખૂબ મોટો ઉપકાર કર્યો છે. અલ્લાહ તઆલા હઝરત મુફ્તી સાહબને તંદુરસ્તી અર્પણ કરે અને વધુમાં વધુ દીની ઈસ્લાહી કામો માટે કબૂલ ફરમાવે, અહકરને પુસ્તિકામાં પ્રસ્તાવના લખવાનો હુકમ કર્યો, તેમના આદેશને માન આપીને આ શબ્દો લખ્યા છે. અલ્લાહ તઆલા હઝરત મુફ્તી સાહબને તથા પ્રકાશન કાર્યમાં મદદ કરનાર સૌને ઉત્તમમાં ઉત્તમ બદલો આપે અને આપણા સૌને પુસ્તિકામાં વર્ણન કરેલ બાબતો જીવનમાં અમલી સ્વરૂપે લાવવાની તૌફીક અર્પણ કરે. (આમીન)

(મુફ્તી) બુરહાનુદ્દીન ઈલ્યાસ ચાંદા,
ખાદિમે તદરીસ દારૂલ ઉલૂમ લુણાવાડા,
તા.૨૮/૦૪/૧૪૩૩ હિ. મુતાબિક ૨૨/૩/૨૦૧૨ ઈ.

## બિસ્મિહી તઆલા

### -: મા :-

(૦૧) 'મા' અલ્લાહ તઆલાની મહાન નેઅમત છે.

(૦૨) 'મા' અલ્લાહ તઆલાની મહાન ભેટ છે.

(૦૩) 'મા' આ દુનિયામાં સૌથી મોટી દોલત છે.

(૦૪) 'મા' મમતાની અણમોલ કહાણી છે.

(૦૫) 'મા' રહમત છે.

(૦૬) 'મા' ફૂલવાડીનું તે ફૂલ છે, જે ચમનની સુંદરતામાં વધારો કરે છે.

(૦૭) 'મા' એવું મોતી છે જે ગુમ થયા પછી પાછું મળતું નથી.

(૦૮) 'મા' એક ખૂશ્બૂ છે, જેનાથી આખુ જગત મહેકે છે.

(૦૯) 'મા' એવો તારો છે, જે કદી ડૂબતો નથી.

(૧૦) 'મા' ની દુઆ, નિરાશામાં રોશનીનો મિનારો છે.

(૧૧) 'મા' જમાનાની મુસીબતોની ઢાલ છે.

(૧૨) 'મા' નું બીજુ નામ જન્નત છે.

(૧૩) 'મા' ની દુઆ સફળતાની સીડી છે.

(૧૪) 'મા' દુઃખોનો ઉપચાર છે.

(૧૫) 'મા' વગર ઘર સૂનુ સૂનુ છે.

(૧૬) 'મા' ની ગોદ દુઃખો ની દવા છે.

(૧૭) 'મા' વગર ઘર કબ્રસ્તાન છે.

(૧૮) 'મા' ની ગોદ ઈન્સાનની પ્રથમ શાળા છે.

(૧૯) 'મા' થી વધીને કોઈ મોટો શિક્ષક નથી.

(૨૦) 'મા' સો શિક્ષકની ગરજ સારે છે.

(૨૧) 'મા' જન્નતની શીતળ છાયા છે.

(૨૨) 'મા' ની સેવામાં ઈઝઝત છે.

(૨૩) 'મા' સબ્રનો નમૂનો છે.

(૨૪) 'મા' ની બેઅદબીનો અંત ઘણો ખરાબ હોય છે.

(૨૫) 'મા' ને ગાળો ભાંડનાર મહા પાપી છે.

(૨૬) 'મા' નો નાફરમાન ને દુનિયામાં જ સજા મળે છે.

(૨૭) 'મા' ની નાફરમાની કરનાર કદાપી સંતોષ પામતો નથી.

(૨૮) 'મા' ના નાફરમાન પર જન્નત હરામ છે.

(૨૯) 'મા' ની નાફરમાની મોટો ગુનોહ છે.

(૩૦) 'મા' નો અદબ કરનાર દુનિયા—આખિરતમાં કામિયાબ છે.

(૩૧) 'મા' ની બદ દુઆથી બચો.

(૩૨) 'મા' નો ગુસ્સો ટેમ્પ્રેરી હોય છે.

(૩૩) 'મા' એક આહ છે, જે સીધી અર્શ પર જાય છે.

(૩૪) 'મા' નો સંદેશો સૌથી વધુ સુંદર મધૂર હોય છે.

(૩૫) 'મા' સૌથી વધુ કદરદાનીની હકદાર છે.

(૩૬) 'મા' ની ખૂશી માં અલ્લાહની ખૂશી છે.

(૩૭) 'મા' નો પ્યાર દુનિયાની સૌથી મોટી નેઅમત છે.

(૩૮) 'મા' અવલાદના બધાં દુઃખો છાતીમાં સમાવી લે છે.

(૩૯) 'મા' ની મોહબ્બત સમન્દરની જેમ અસીમ હોય છે.

(૪૦) 'મા' નો નાફરમાન કદાપી સુખ, શાંતિની
જિંદગી માણી શકતો નથી.

(૪૧) 'મા' ની સેવા મહાપાપની માફીનું માધ્યમ છે.

(૪૧) 'મા' નરમી, શફકતનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

(૪૨) 'મા' સબર, ધૈર્ય નો બેજોડ નમૂનો છે.

(૪૨) 'મા' એક આદર્શ દીની, અખ્લાકી માહોલની
સર્જનહાર બની શકે છે.

(૪૩) 'મા' મહાન અવલિયાઓ, બુઝુર્ગોની
કેળવણીકાર છે.

(૪૪) 'મા' સમાજની અખ્લાકીય, સામાજિક, આર્થિક વ્યવસ્થાપક છે.

(૪૫) 'મા' અન્યો માટે કુરબાની આપનારનું એક અનોખું ઉદાહરણ છે.

(૪૬) 'મા' એક બેજોડ હસ્તી છે, જેના વિના સંસારમાં ખૂબ મોટી ઉણપ રહે છે.

(૪૭) 'મા' ની બદદુઆ દુન્યા આખિરતની બરબાદીનું કારણ બની શકે છે.

(૪૮) 'મા' ની નાફરમાની શિર્ક પછીના મોટા ગુનાહોમાંનો એક મોટો ગુનોહ છે.

(૪૯) 'મા' એ વેઠેલ તકલીફોની ગમે તેટલી ખિદમત દ્વારા ભરપાઈ થઈ શકતી નથી.

(૫૦) 'મા' ની ખિદમત અને તેમની સાથે સારું વર્તન મોટા ગુનાહોની તૌબાનો સબબ બની શકે છે.

(૫૧) 'મા' નો નાતો એક એવો રિશ્તો છે, જેના વિના સંપૂર્ણ ખૂશી અશકય છે.

(૫૨) 'મા' પર અવલાદનો ખિદમત અને સદાચારનો સૌથી વધુ હક છે.

(૫૩) 'મા' ને રાજી કરી ગુનાહોની માફી તલબ કરી શકાય છે.

(૫૪) 'મા' ની ખિદમતથી વંચિત રહી જન્નત પ્રાપ્ત ન કરી શકાય.

(૫૫) 'મા' ને મુહબ્બત ભરી નજરથી દેખનારને હર નજર પર એક મકબૂલ હજનો સવાબ મળે છે.

☆ દુનિયાના દરેક ધર્મ અને સંસ્કૃતિએ 'મા' ની મહાનતાને માન આપ્યું છે અને ઈસ્લામ ધર્મમાં તો 'મા' ની તાબેદારી અને ફરમાબરદારી એટલો બધો ભાર આપવામાં આવ્યો છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે 'મા' ના કદમો નીચે જન્નત છે.

☆ જે પોતાના મા–બાપને તકલીફ પહોંચાડશે અલ્લાહ તઆલા તેમને એહસાસ પણ નહી થાય તે રીતે બરબાદ કરી નાખશે.

(મુનસિફ દૈનિક હેદરાબાદ, ૯/૦૩/૨૦૧૨)

# મા તે મા

- 'મા' તે મા બીજા બધાં વગડાના વા.
- ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર.
- જે કર (હાથ) ઝુલાવે પારણું, તે જગત પર શાસન કરે.
- જગતના મહાનુભાવોનો ઉછેર 'મા' ના ખોળાનો ઋણી છે.
- 'મા' નું હ્દય અમી ઝરણાંથી પણ શ્રેષ્ઠ છે.
- 'મા' વિનાની કેડી અંધકારમય છે.
- સેવા કરવાનો શ્રેષ્ઠ શ્રેય પ્રાપ્ત કરવો હોય તો 'મા' ની સેવા કરવી.
- 'મા' નું દિલ ધીરજની નિશાની છે.
- 'મા' ની બેઈઝ્ઝતી કરનાર કદી સુખ પ્રાપ્ત કરતો નથી.
- 'મા' થી મોઢું ફેરવનાર મહા પાપી છે.

- 'મા' ની 'આહ' અલ્લાહના દ્વાર ખટખટાવે છે.
- 'મા' નો પ્રેમ એવો છે કે તમામ દુઃખો ભૂલાઈ જાય છે.
- જનની(મા)ની જોડ દુનિયામાં શોધે મળતી નથી.
- બધો પ્રેમ મેળવી શકાય, માનો પ્રેમ મેળવી શકાતો નથી.
- દરેક વસ્તુની કિંમત આપતા ખરીદી શકાય, માતૃ હૃદય છીનવાઈ ગયા પછી ગમે તેટલી કિંમત આપવા છતાં તે મેળવી શકાતું નથી.
- 'મા' ના ખોળામાં જીવનનું સર્વોપરી સુખ છે.
- 'મા' ના દીદાર (દર્શન) વિના જગત ઝાંખું છે.

# મારી મા મારી જન્નત છે

## (ઈબ્રતનાક કરૂણ કહાની)

એક નવયુવાન એન્જિનીયરીગની પદવી મેળવી વિદેશથી આવ્યો છે. તેણે એક ખૂબસુરત માલદાર ઔરત સાથે લગ્ન કરી લીધા છે, જિંદગી ના દિવસો આનંદ અને શાંતિથી પસાર થઈ રહયા છે, પરંતુ થોડા સમય બાદ તેની જીવન સાથી તેને દગો આપી ધીમે–ધીમે શાંત અને આનંદમય જીવનમાં ઝેર રેડી રહી છે, જો અલ્લાહ તઆલા તરફથી તેને હિદાયત ન મળતી તો દુનિયવી જીવન સાથે તેની આખિરતની જિંદગી પણ બરબાદ થઈ જતી.

**સાંભળીએ, આ નવયુવાન તેની કહાની રજૂ કરેછે :** મારા નાનપણમાં જ મારા પિતાનું અવસાન થઈ ગયું હતું, મારી 'મા'એ અસહ્ય દુઃખો વેઠી મારું પાલન પોષણ કર્યુ, લોકોના ઘર કામ કરતી અને મને ખવડાવતી. હું તેમનું એકનું

એક સંતાન, તેમની ઉમંગોનો એક સહારો ! મને તાલીમ અપાવી, જયારે મેં યુનિવર્સિટીની તાલીમ પૂર્ણ કરી તો વધુ તાલીમ માટે મને વિદેશ મોકલ્યો, હું મારી 'મા'ની ફરમાબરદારી અને તેમની આજ્ઞાનું પાલન કરતો, મને કેનેડા રવાના કરતી વેળાએ મારી 'મા' રડી રહી હતી, તેને મારી જુદાઈનું ઘણું દુઃખ હતુ. મને શિખામણ આપતા કહયું: બેટા! તારો ખ્યાલ રાખજે, ફોન કરતો રહેજે, પત્ર લખતો રહેજે અને તારા ખબર-અંતર આપતો રહેજે, જેથી મને શાંતી રહે. વિદેશમાં ત્રણ વરસ પસાર કરી ડોકટર બની, હું જયારે વતન પરત આવ્યો, તો મારો સ્વભાવ બદલાઈ ગયો, પશ્ચિમી સંસ્કૃતિએ મને સંપૂર્ણ રીતે પોતાની પકડમાં લઈ લીધો હતો, દીનદારીનું નામો નિશાન ન હતું, નાસ્તિક અને ધર્મભ્રષ્ટ !

(નઉઝુબિલ્લાહ)

વતન પરત ફર્યો તો ઉચ્ચ સરકારી હોદ્દાનો આશાવાદી હતો,હવે મને મારા લગ્નની ચિંતા હતી,હું ભણેલી,ખૂબસૂરત અને માલદાર યુવતી સાથે લગ્ન કરવા ઈચ્છતો હતો,મારી 'મા' એ મારા માટે દીનદાર અને સંસ્કારી યુવતી શોધી રાખી હતી,છોકરી ખૂબસૂરત પણ હતી, પરંતુ મેં આ છોકરી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી અને મારી પસંદની મોડર્ન માલદાર યુવતી સાથે વિવાહ કરી લીધા. હું એક શાનદાર અને આનંદમય જિંદગીનું સ્વપ્ન જોઈ રહયો હતો.

પરંતુ હજુ તો લગ્નને છ મહિના પણ ન થયા હતા, ને મારી 'મા' સાથે મારી પત્ની છળ–કપટ કરવા લાગી.પત્નીની ઉશ્કેરણીના કારણે અથવા મારી પત્નીના પ્રેમમાં આંધળો થઈને હું પણ મારી 'મા' ને નાપસંદ કરવા લાગ્યો, એક દિવસે ઓફિસે થી આવ્યો અને જોયું કે મારી પત્ની રડી રહી છે,તેને

રડતી જોઈ હું બેચેન થઈ ગયો, મેં તેને પૂછયું, તો તેણે મને જણાવ્યું કે, બસ હવે ઘણું થઈ ગયું, મેં ઘણું સહન કર્યુ, હવે મારાથી સહન નહી થાય. હવે આ મકાનમાં હું રહીશ અથવા તમારી 'મા', ફેસલો અત્યારે જ થવો જોઈએ.

હું પત્નીના છળ-કપટમાં ફસાઈ ગયો, જેનું મને જરાય ભાન ન હતું, મેં ઝનૂનમાં આવી મારી પત્નીનો પક્ષ લીધો અને એજ વખતે મારી 'મા' ને ઘરેથી કાઢી મૂકી. આહ !

મારી 'મા' ઘણી રડી, બેટા ! બેટા ! કહેતી રડતી રહી, પરંતુ મને જરાય દયા ન આવી, ઘરેથી નીકળતી વખતે મારી 'મા'એ અંતિમ શબ્દો જે કહયા હતા, તે આ મુજબ હતા 'બેટા ! અલ્લાહ તઆલા તને સલામત રાખે, તારી હિફાઝત કરે, તુ સદા ખૂશ રહે. થોડી વાર પછી મારો ગુસ્સો ઠંડો થઈ ગયો, હું મારી 'મા'ને શોધવા નીકળ્યો,

પરંતુ તે મને કયાંય ન મળી. અહિંયાથી જ મારી જિંદગી ના ખરાબ દિવસોની શરૂઆત થઈ.

મારી પત્ની ચાલાકીથી મને રાજી રાખવાના પ્રયત્નો કરતી રહી અને મારા પ્રત્યે હમદર્દી દર્શાવતી રહી, તે ચાહતી હતી કે, હું 'મા'ને ભુલી જાઉં, મા'ની મોહબ્બતો, સદભાવનાઓ અને મહેરબાનીઓ મારા દિલમાંથી નીકળી જાય, પરંતુ હું મારી 'મા'ને ભૂલી શકયો નહી, મને મારી ભૂલ અને ગુનાહ, બલ્કે મહાન ગુનાહનું ઘણું જ દુઃખ હતું, હું સમજતો હતો કે મારી 'મા' સાથે જે નિર્દયી અને ખરાબ વર્તન કર્યુ છે તે ખુદાને નારાઝ કરનાર છે. હું ડરતો રહયો કે કોઈ પણ જગ્યાએ અને કોઈ પણ સમયે અલ્લાહનો ગુસ્સો મારા ઉપર ઉતરી શકે છે અને આખિરતનો અઝાબ તો અલ્લાહ ની પનાહ ! આખિરતના અઝાબથી તો

હું 'મા' ને રાઝી કર્યા વિના બચી જ નથી શકતો,
જાહેરમાં તેનો બદલો ચૂકવવાની કોઈ રીત દેખાતી
ન હતી.

સમય પસાર થતો ગયો, હું મારી 'મા' ને મેળ
વી ન શકયો, આ સખત ચિંતાને લઈ હું બીમાર પડી
ગયો, બીમારી ઘણી વધી ગઈ, મને હોસ્પિટલમાં
દાખલ કરવામાં આવ્યો, મારી પત્ની મારી પાસે જ
રહેતી, મારી 'મા' જ્યાં પણ હતી, કદાપી મને નહી
ભૂલી, મારી બીમારીની જાણ થઈ , તો 'મા'ની મમતા
તેને હોસ્પિટલમાં લઈ આવી, તે મને જોવા માંગતી
હતી, પરંતુ મારી પત્નીએ તેને બહારથી જ કહી
દીધુ કે તમારો પુત્ર અહિંયા નથી, મારી 'મા'ને મારી
સાથે મળવા ન દીધી, લાંબા સમય પછી મને થોડી
રાહત થઈ, મને રજા આપવામાં આવી, મારી
હાલત હવે બદલાઈ ગઈ હતી, હું મારી પત્નીની
જુઠી મોહબ્બત અને ચાલાકીઓને સમજી ગયો હતો,

તેના કારણે જ હું મુસીબતોમાં સપડાયો હતો, બીમારી દરમ્યાન જ મારી નોકરી છૂટી થઈ ગઈ હતી, મારે માથે દેવું થઈ ગયું હતું, આ બધું મારી પત્નીના કારણે જ હતું, તેની માંગણીઓ અને વ્યર્થ ખર્ચાઓ મારી બીમારીની હાલતમાં પણ ઓછા ન થયા હતા, જેના કારણે હું આર્થિક રીતે ભાંગી પડયો,

એક દિવસ મારી એ ખૂબસૂરત પત્નીએ મને કહયુંઃ તમારી નોકરી છૂટી ગઈ છે, તમારી હાલત ખરાબ થઈ ગઈ છે, તમે ગરીબ અને કંગાળ થઈ ચૂકયા છો, સમાજમાં હવે તમારી એ ઈઝઝત નથી રહી જે કયારેય હતી, જેને લઈ મેં તમારી સાથે લગ્ન કર્યા હતા, હવે મારૂ તમારી સાથે રહેવું વ્યર્થ છે.તમે મને તલાક (છૂટાછેડા) આપી દો.

તેની આ વાત એક વીજળી સમાન હતી, જે મારા પર પડી અને મારા શરીરને અંદર

સુધી ચીરી નાખ્યું, મેં તેને તલાક આપી દીધી, હવે મને મારી ભૂલ સમજાઈ, મારી આંખો ખુલી, તેની જૂઠી મુહબ્બતની માયાજાળ તૂટી ચુકી હતી. મેં મારી 'મા'ની શોધ ફરી આરંભી, હું ફરતો રહયો, 'મા'ને શોધતો રહયો, તે મને વૃદ્ધાશ્રમમાંથી મળી, સદકા ખૈરાતથી તે જીવન જીવી રહી હતી,

હું 'મા'ને મળ્યો , તેના પગ પર માથું મૂકી ખૂબ રડયો, મારી 'મા' પણ મને ભેટીને ખૂબ રડી, કેટલીય વાર સુધી આમ ચાલતું રહયું, હું 'મા'ને ઘરે લાવ્યો અને હવે મારૂ સમગ્ર જીવન મારી 'મા' ની સેવા ચાકરી પાછળ લગાવી દીધું, મેં અલ્લાહ સમક્ષ મારા ગુનાહોની તોબા કરી,. હવે હું પ્રયાસ કરૂ છું કે હું અલ્લાહ તઆલાનો ફરમાબરદાર બનીને રહું, તેના આદેશો પર ચાલનાર અને ભલાઈઓને અનુસરનાર.

અત્યારે હું 'મા'ની દુઆઓથી જીવી

રહયો છું, પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ખુશીના દિવસો ફરી આવી રહયા છે, હવે મારી આશાઓનું કેન્દ્ર, મારી સેવાઓનું લક્ષ મારી 'મા' જ છે, આ જ જીવનના આનંદમય દિવસો છે. હું મારી 'મા' ની સેવા કરી રહયો છું અને જન્નતમાં ઘર બનાવી રહયો છું....

(અલ–બલાગ માસિક એપ્રિલ–૨૦૦૯)

★ મા–બાપના દરજાને ઓળખો તેમની હયાતીને અલ્લાહનો એહસાન સમજો.

★ જો આપને જન્નતમાં જવાની ઈચ્છા છે તો ખૂબ દિલ લગાવીને પોતાના મા–બાપની ખિદમત કરો.

★ મા–બાપની દુઆ થી તકદીર પણ બદલાઈ શકે છે.

(મુનસિફ દૈનિક હેદરાબાદ, ૯/૦૩/૨૦૧૨)

## 'મા'–બાપની ફરમાબરદારીનું મહત્વ

શાહ ફઝલુર્રહમાન સાહબ ગંજમુરાદાબાદી દિલ્હી ખાતે શાહ અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષે દહેલ્વી(રહ.) ના ત્યાં હદીષ શરીફનું જ્ઞાન લેવા માટે પગપાળા તશરીફ લઈ ગયા. એક મહિનો વીતી ગયા પછી હઝરત શાહ અબ્દુલઅઝીઝ(રહ) એ ફરમાવ્યું કે, એક મહિનો વધુ થોભી જાઓ તો હદીષ શરીફના અધ્યયનને પરંપરાગત રીતે પરિપૂર્ણ(તકમીલ) કરાવી દઈશ. પરંતુ મવલાનાએ ફરમાવ્યું કે હું મારી વાલિદા સાહિબાથી એક મહિનાની જ પરવાનગી લઈને આવ્યો છુ. આમ કહી તેઓ પાછા ચાલ્યા આવ્યા. થોડાક દિવસો પછી શાહ અબ્દુલ અઝીઝ(રહ.)ની વફાત થઈ ગઈ. જેથી તેઓ ફરી સેવામાં હાજરી ન આપી શકયા.

આનાથી જાણવા મળે છે કે, મા–બાપની કેવી ફરમાંબરદારી કરવી જોઈએ. આજે લોકો બાપથી ડરે છે, પરંતુ 'મા' થી ડરતા નથી. તેણી સાથે જીભાજોડી કરી લે છે. કારણ કે 'મા' બિચારી સંતાનોની મુહબ્બતમાં જકડાયેલી હોય છે. પોતે જ મારે છે અને પોતે જ રડે છે. હઝરત મૌલાના અશરફઅલી થાનવી(રહ.)એ લખ્યું છે કે, પહેલો દરજજો મા–બાપનો છે, પછી ઉસ્તાઝ (ધર્મનો નીતિ–નિયમો શીખવતા ગુરૂ)નો છે, પછી પીર (ધર્મનો આંતરિક આચાર શીખવતા ગુરૂ)નો. આજકાલ લોકો આની વિરુધ્ધ કરે છે. પીરને પહેલો દરજો આપે છે, બીજો દરજો ઉસ્તાઝને અને મા–બાપને છેલ્લું સ્થાન આપે છે. આનું કારણ શુ છે? કારણ એ છે કે, માણસ પોતાનું બાળપણ ભૂલી જાય છે. માણસ વિચારે છે કે, આપણે એટલા અશકત હતા કે, આપણાં મોઢા

પર બેઠેલી માખી પણ ઉડાડી શકતા ન હતા. જો બાળક કયારેક રાત્રે પથારીમાં પેશાબ કરી દેતું તો 'મા' ભીગેલા ભાગમાં પોતે સૂઈ જતી અને સૂકાભાગમાં બાળકને સુવડાવી દેતી. કેવી-કેવી તકલીફો 'મા' ઉઠાવે છે, જે અન્ય કોઈ કરી ન શકે. આજકાલ સંતાનો થોડુંક કમાવવા લાગે છે તો મા-બાપને કાંઈ સમજતા જ નથી અને જો કંઈક સેવા કરવા માંગે છે તો થોડાક રૂપિયા-પૈસા આપી દીધા, આને જ સેવા સમજે છે. જો કે વૃધ્ધાવસ્થામાં શારીરિક સેવાની સખત જરૂરિયાત હોય છે. માથામાં તેલ લગાડવાની, હાથ-પગ દબાવી દેવાની વિગેરે પરંતુ આને સેવા નથી સમજતા.

(પયગામે રહમત(સલ.)માસિક માર્ચ-૨૦૧૨)

## 'મા' ની અઝમત, એહતેરામના બે ઐતિહાસિક વાકિઆ :

સૈયદા હઝરત હલીમા સઅદીયા(રદિ.) હુઝૂર (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થયા તો આપ (સ.અ.વ.)એ પોતાની મુબારક ચાદર ઉતારી અને હઝરત હલીમા સઅદીયાના પગો તળે બિછાવી. (આ દ્રશ્ય જોઈ હઝરાતે સહાબએ કિરામ(રદિ.) વિચારો માં પડી ગયા કે, આ ખુશનસીબ સઆદતમંદ ઔરત કોણ હશે. જેના પગોમાં આપ(સ.અ.વ.)એ પોતાની ચાદર મુબારક બિછાવી દીધી.

આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું કે, તે હલીમા સઅદીયા(રદિ.) છે. જેમને આપ(સ.અ.વ.)ને દૂધ પીવડાવ્યું હતું. જે આપ(સ.અ.વ.)ને બાળપણમાં દૂધ પીવડાવવા માટે લઈ ગયા હતા.

**મારા વડીલો અને ભાઈઓ :** હુઝૂર(સ.અ.વ.)એ પોતે દૂધ પીવડાવનાર 'મા' હઝરત હલીમા સઅદીયા(રદિ.)નો આ રીતે ઈકરામ કર્યો.

ઉપરોકત બનાવથી 'મા'ની અઝમત અને મરતબો શું છે તે જાણવા મળે છે. એવી જ રીતે ઈતિહાસમાં હઝરત ઉવેસ કરની(રહ.)નો તે કિસ્સો જે તારીફના લાયક છે જયારે તેમને હુઝૂર(સ.અ.વ.) પર ઈમાન લાવવાની સઆદત પ્રાપ્ત થઈ તો હુઝૂર(સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થવાનું ઈચ્છતા હતા. પરંતુ તેમની 'મા'ની બીમારી અને તેમની સેવાના કારણે હાજરી આપી શકયા નહી. પરંતુ હુઝૂર(સ.અ.વ.)ને તેમની આ અદા(કાર્ય) એટલું પસંદ આવ્યું કે, આપ (સ.અ.વ.)એ હઝરત ઉવેશ કરની(રહ.)ની પ્રસંશા કરી.ઉપરોકત બનાવ કિસ્સાથી જાણવા મળે છે કે પયગમ્બર(સ.અ.વ.)ની નઝરમાં 'મા'ની અઝમત અને કદર એ ખૂબ જ ઉચ્ચ હતું. (ખૂત્બએ કાસમી, ભાગ નં.૨)

અલ્લાહ તઆલા આપણ સર્વને 'મા'ની કદર કરવાની અને તેમનું કહયું માનીને જીવન ગુજારવાની તૌફીક આપે.(આમીન.)

# મા–બાપ માટે દુઆ

હે મારા પરવરદિગાર ! મારા મા–બાપ પર રહમ ફરમાવ, જેમ કે તેઓએ મને પ્યારથી ઉછેર્યો, જયારે હું નાની વયનો હતો. હે મારા મૌલા ! મને તૌફીક આપ કે તમે જે ઉપકારો મારા ઉપર અને મારા માવતર પર કર્યા તેનો શુક્રિયહ અદા કરું અને એવા નેક કામો કરું, જેનાથી તું ખૂશ થાય છે અને પોતાની રહમતથી નેક બંદાઓમાં દાખલ ફરમાવ.

હે અલ્લાહ ! તું મારી અને મા–બાપની બખ્શિશ ફરમાવ, જે મારા ઘરમાં ઈમાનની હાલમાં દાખલ છે. અર્થાત્ ઈમાનવાળાઓ છે. હે મારા મૌલા ! મને એવી તૌફીક આપ કે હું નમાઝ પઢતો રહું અને મારી અવલાદને પણ એવી જ રીતે તૌફીક આપ. ઈલાહી ! મારી આ દુઆ કબૂલ ફરમાવ. હે મારા પરવરદિગાર ! હિસાબો–કિતાબના દિને મને અને મારા મા–બાપને અને બધાં જ ઈમાનવાળાઓને માફ ફરમાવ. (આમીન)